**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૮ ડીગ્રી
લઘુતમ : ૧૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૪૮ ટકા

# અમૃત સિદ્ધિ યોગ : આજે ગુરુ પુષ્ય નક્ષત્ર

## આજે વિશેષ મુહૂર્ત ૬૭૭ વર્ષ પછી ગુરુ-શનિનો દુર્લભ યોગ : સોનું-ચાંદી અને પ્રોપર્ટી ખરીદવા માટે સર્વ શ્રેષ્ઠ સમય

ગાંધીનગર, તા. ૨૭

દિવાળી પહેલા ધનતેરસ પર ખરીદી કરવાને ખુબ જ શુભ માનવામાં આવે છે પરંતુ આ વખતે ધનતેરસ અને દિવાળી પહેલા મહાશુભ મુહૂર્ત છે. આજે નક્ષત્રના રાજા ગુરુ પુષ્ય નક્ષત્ર છે. આખો દિવસ અને રાત્રે પુષ્ય નક્ષત્ર રહેશે. આખા દિવસ દરમિયાન અમૃત સિદ્ધિ યોગ બને છે. ખરીદી અને રોકાણ માટે આજનો દિવસ ખૂબ જ શુભ ગણાય છે. ગુરુ પુષ્યમાં સોનાની ખરીદીનું વિશેષ મહત્વ છે. આ વર્ષે ગુરુ અને શનિ, શનિના સ્વામિત્વવાળી મકર રાશિમાં એક સાથે છે. બંને ગ્રહ માર્ગી રહેશે અને તેમના પર ચંદ્રની દૃષ્ટિ પડે છે. જેને કારણે ગજકેસરી યોગ બને છે. ચંદ્ર, ધનનો કારક ગ્રહ છે. આ યોગ દરેક પ્રકારે મંગળકારી ગણાય છે. ૬૭૭ વર્ષ પહેલાં ૫ નવેમ્બર ૧૩૪૪ના રોજ ગુરુ-શનિની યુતિ મકર રાશિમાં હતી અને ગુરુ પુષ્ય યોગ બન્યો હતો.

જ્યોતિષશાસ્ત્ર મુજબ અવકાશમાં કુલ ૨૭ નક્ષત્ર હોય છે અને તેમાં પુષ્ય નક્ષત્રને સૌથી શુભ અને માંગલિક મનાય છે. પુષ્યને નક્ષત્રનો રાજા કહેવાય છે. આ નક્ષત્ર એટલું શુભ છે કે જે દિવસે આ નક્ષત્ર પડે તે દિવસ પંચાંગ જોયા વગર પણ શુભ કાર્ય કરી શકાય છે. ગુરૂવારના દિવસે પુષ્ય યોગ બને છે તેથી આજના દિવસને ગુરુ પુષ્ય યોગ કહેવાય છે.

સવારે ૯.૪૫ કલાકથી પુષ્ય નક્ષત્રનો આરંભ થશે જેમાં ચલ નક્ષત્ર સવારે ૧૧ વાગ્યાથી બપોરના ૧૨.૩૦ સુધી, લાભ અને અમૃત બપોરે ૧૨.૩૦ થી ૩.૩૦, શુભ-અમૃત, સાંજે ૫ થી ૮ વાગ્યા સુધી તેમજ રાત્રે ૮ થી ૯.૩૦ સુધી ચલ ચોઘડીયું છે. પુષ્ય નક્ષત્રને સર્વદોષનો નાશ કરનાર માનવામાં આવે છે.

પુષ્યનો અર્થ થાય છે પોષણ કરનાર તેમજ ઊર્જા અને શક્તિ પ્રદાન કરનાર નક્ષત્ર. મંત્રો, પૂજા, જાપ, અનુષ્ઠાન માટે આજનો દિવસ શુભ છે. આજના દિવસે ખરીદી કરાયેલ વસ્તુ લાંબા સમય સુધી ચાલે છે તેમજ શુભ ફળ પ્રદાન કરે છે. આ શુભ યોગમાં સોના-ચાંદી, વાહન ખરીદી, પૂજન માટેના ચોપડાની ખરીદી માટે શ્રેષ્ઠ યોગ માનવામાં આવે છે.




### પુષ્ય નક્ષત્ર નિમિત્તે દાન-પુણ્યનું મહત્વ

**પુષ્ય નક્ષત્રના દિને દાન-પુણ્ય કરવું જોઈએ. કોઈ ગૌશાળામાં લીલું ઘાસ અને ગાયોની સંભાળ માટે ધનનું દાન કરો. આ દિવસે કોઈ મંદિરમાં પૂજા-સામગ્રી ભેટમાં આપો. મહાદેવજીને બેસનના લાડુનો ભોગ ધરાવો. શિવલિંગ પર ચણાની દાળ અને પીળા ફૂલ ચઢાવવા જોઈએ.**

### ગુરુ પુષ્ય નક્ષત્રમાં ખરીદી-રોકાણ લાભદાયી

**દિવાળી પહેલા કારકત મહિનાના કૃષ્ણ પક્ષમાં આવતાં પુષ્ય નક્ષત્રમાં નવી વસ્તુ ખરીદવી બહુ શુભ ગણાય છે. પુષ્ય નક્ષત્રના સ્વામી શનિ દેવ છે. શનિવારે અથવા શનિના નક્ષત્રમાં જે પણ કાર્ય કરો તે લાંબા સમય સુધી ચાલે છે. આ યોગમાં કરેલું રોકાણ પણ લાંબા સમય સુધી લાભ આપી શકે છે.**

---

## મહાત્મા મંદિર ખાતે એટીએમ મશીન શોભાના ગાંઠિયા સમાન

ગાંધીનગર, તા.૨૭

મહાત્મા મંદિરની પાસે આવેલ એટીએમ મશીનમાં ટેકનિકલ ખામીથી ઘણા સમયથી એટીએમ મશીન બંધ હાલતમાં છે. આ સ્થળે બે એટીએમ મશીન મુકવામાં આવ્યા છે પરંતુ એક એટીએમ મશીન માત્ર શોભાના ગાંઠિયા સમાન ઘણા સમયથી બંધ છે. જેથી નાગરિકોની કતાર જોવા મળી રહી છે.

મહાત્મા મંદિર નજીક એસબીઆઈના બે એટીએમ મશીન મુકવામાં આવ્યા છે. બે એટીએમ મશીન હોવા છતાં નાગરિકોને મુશ્કેલી પડી રહી છે. ઘણીવાર ખાતામાં પૈસા હોવા છતાં એટીએમમાં પુરતી રકમ નહીં હોવાને કારણે કાં તો ટેકનિકલ ક્ષતિને કારણે મશીન બંધ જેવી હાલતમાં રહે છે. એટીએમ મશીનની બાજુમાં મહાત્મા મંદિર અને વીઆઈપી ધ લીલા હોટલ આવેલી છે. મહાત્મા મંદિર ખાતે ઘણા બધા પ્રોગ્રામ થતા હોય છે. જેથી ત્યાં આવતા નાગરિકોને પણ




આ એટીએમ મશીનનો ઉપયોગ કરવાનું બનતું હોય છે. નાગરિકો એટીએમ મશીનમાંથી પૈસા ઉપાડવા જાય છે ત્યારે મશીન ખાલી જોવા મળતું હોય છે. તેથી નાગરિકોને મુશ્કેલી પડી રહી છે. દિવાળીનો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે બેંકમાં ભારે ભીડ હોવાને કારણે ગ્રાહકો એટીએમ મશીનમાંથી નાણાં ઉપાડવાનું પસંદ કરી રહ્યા છે પણ મોટા ભાગના એટીએમ બંધ હોવાને કારણે ગ્રાહકો ધરમના ધક્કા ખાઈ રહ્યા છે. દિવાળી પર્વના દિવસોમાં એટીએમ મશીનો આઉટ ઓફ સર્વિસ અને બંધ હાલતમાં જોવા મળી રહ્યા છે તેમજ એટીએમમાં સર્વસિ આપનાર કોઈ પણ વ્યકિતનો નંબર પણ લખવામાં આવતો નથી. નાગરિકોને પડતી મુશ્કેલીઓનો જવાબદાર તંત્ર યોગ્ય ઉપાય કરે તેવી માંગ કરવામાં આવી છે. ગ્રાહકોને હંમેશા એટીએમાંથી ધક્કો ન થાય તેવી વ્યવસ્થાઓ ચોકકસપણે કરવી જોઈએ.

---

## રાજયના વન અને પર્યાવરણ વિભાગનું ઈમેલ આઈડી બંધ....?!!

ગાંધીનગર, તા.૨૭

વડાપ્રધાન દ્વારા ખાસ કરીને કોરોના મહામારીના સમયમાં ડિજીટલ ઈન્ડિયા અભિયાન પર વધુ ભાર મુકવામાં આવી રહ્યો છે. જેના થકી પેપરલેસ કોમ્યુનિકેશનને પ્રોત્સાહન મળવાથી પર્યાવરણને પણ ખૂબ મોટો ફાયદો થઈ શકે છે. જો કે રાજયમાં પર્યાવરણની ચિંતા કરવાની જવાબદારી જેને શિરે છે તેવા ગુજરાત રાજયના વન અને પર્યાવરણ વિભાગનું અધિકૃત ઈમેલ આઈડી છેલ્લા કેટલાક દિવસથી બંધ થઈ ગયું હોય તેવું જણાઈ રહ્યું છે. કેમ કે તેના પર કરવામાં આવતા ઈમેલ બાઉન્સ થઈ રહ્યા છે તેવો કેટલાંક નાગરિકોને અનુભવ થવા પામ્યો છે. ઉલ્લેખનીય છે કે વન અને પર્યાવરણ વિભાગના ઈમેલ આઈડી min-forst@gujarat.gov.in પર કરવામાં આવતા ઈમેલ બાઉન્સ વોક થઈ રહ્યા છે તેથી આ વિભાગ સાથે ઈમેલથી કોમ્યુનિકેશન કરવા માંગતા નાગરિકોને પરેશાનીનો ભોગ બનવું પડી રહ્યું છે.

---

## સરસ્વતી પ્રાથમિક વિદ્યામંદિર ખાતે દેશભકિત વિષય પર વાર્તાલાપ યોજાયો

ગાંધીનગર, તા.૨૭

વિદ્યાભારતી સંલગ્ન સરસ્વતી પ્રાથમિક વિદ્યા મંદિર ખાતે દેશભકિત વિષય પર વાર્તાલાપ યોજાયો હતો. દિપકભાઈ રાઠોડ દ્વારા દેશભકિત વિષય પર વાર્તાલાપ યોજાયો હતો તેમજ વિદ્યાલયના બાળકોના જન્મદિનની અગ્નિહોત્ર યજ્ઞ તથા સરસ્વતી વંદના દ્વારા વિદ્યાર્થીના વાલી સાથે મનાવવામાં આવ્યો હતો. જેમાં વાલી તથા વિદ્યાર્થી દ્વારા ત્યાગ ભાવના પ્રેરીત



પ્રતિજ્ઞા લઈ ઉજવણી કરવામાં આવી હતી.

---

## સ્વર્ણિમ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના જોબ ફેરમાં ૧૬૨ વિદ્યાર્થીઓને જોબ ઓફર

### ૫૦થી પણ વધુ જાણીતી કંપનીઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર સ્થિત સ્વર્ણિમ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી વિદ્યાર્થીઓને યોગ્ય શિક્ષણની સાથે તેમની કારકીર્દિ ઘડતરની તકો આપવા માટે પ્રયાસોના ભાગરૂપે સ્વર્ણિમ યુનિવર્સિટી તેમજ ગાંધીનગર જિલ્લા રોજગાર કચેરીના સંયુકત ઉપક્રમે તા.૨૧મી ઓકટોબરના રોજ સ્વર્ણિમ યુનિવર્સિટી ખાતે ખાસ જોબ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૫૦થી પણ વધુ જાણીતી કંપનીઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતા.

સ્વર્ણિમ યુનિવર્સિટીના તેમજ બહારના ૨૬૮ જેટલાં આઈટીઆઈ, ડિપ્લોમા, ગ્રેજ્યુએટ્સ અને પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓએ આ જોબ ફેરમાં ભાગ લીધો હતો જેમાંથી ૧૬૨ વિદ્યાર્થીઓને બિઝનેસ ડેવલપમેન્ટ, એન્જિનીયર ટ્રેઈની, મશીન ઓપરેટર, માર્કેટીંગ એન્ડ સેલ્સ, ઓટોકેડ, સોફટવેર એન્જિનીયર વગેરે જેવી પોઝીન્સ માટે અરવિંદ લિમીટેડ, લુબી ઈન્ડસ્ટ્રીઝ, કેરિયર લોન્ચર, ટેક મહિન્દ્રા, ફર્સ્ટ સોર્સ સોલ્યુશન્સ, ટીમલીઝ વગેરે જેવી પ્રતિષ્ઠિત કંપનીઓમાંથી જોબ ઓફર મળી હતી.

---

## દિવાળી પર્વે 'સેવા મારુ જીવન' પરિવાર દ્વારા કપડાં-મિઠાઈ-નાસ્તા વિતરણનું આયોજન

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરનું 'સેવા મારુ જીવન' પરિવાર છેલ્લા દસ વર્ષથી દિવાળીના પર્વ નિમિત્તે શહેરમાં સેવા વસ્તીમાં રહેતા જરૂરિયાતમંદ પરિવારોના વડીલો, માતાઓ તેમજ બાળકો માટે કપડાં વિતરણ, મિઠાઈ વિતરણ અને નાસ્તા વિતરણ જેવા સેવા કાર્યોનું આયોજન કરે છે. આ વર્ષે પણ આગામી તા.૩૧મી ઓકટોબરનાં રોજ સવારમાં સેવા મારું જીવન પરિવારના સ્વયંસેવકો શહેરની સેવા વસ્તીમાં જઈને કપડાં, નાસ્તો અને મિઠાઈનું વિતરણ કરશે. આ સેવાકાર્ય માટે શહેરીજનો તેમના સારી સ્થિતિમાં હોય તેવા જુના કે નવા કપડાં આપવા માંગતા હોય તેમને તા. ૩૦મી ઓકટોબર સાાજના ૬ વાગ્યા સુધીમાં ગાંધીનગરના સેકટર-૧૬માં વિદ્યા લાયબ્રેરી ખાતે પહોંચાડવા જાહેર અપીલ કરવામાં આવી છે. આ સેવાકાર્યની માહિતિ માટે પ્રદિપસિંહ વાઘેલાના મો.નં.૯૮૨૫૦૧૮૫૭૫ અથવા વિજયસિંહ માજીરાણાના મો.નં.૯૭૩૭૨૪૨૧૦૩ ઉપર કોલ કરીને સંપર્ક સાધી શકાશે.

---

## જન્મદિને વધામણી




**કેયુર પી પટેલ**
મો. ૯૯૭૯૫ ૦૭૨૯૪



**મેહુલ પી પ્રજાપતિ**
મો. ૯૪૨૬૩ ૧૦૩૯૬



**મેઘા પરીખ**
મો. ૯૧૭૩૦ ૧૦૦૮૫



**શિવમ**
મો. ૯૫૫૮૯ ૭૯૮૧૭



**પ્રીતિબેન પરમાર**
મો. ૯૯૯૮૫ ૪૦૧૪૫

---

## દિવાળી પૂર્વે પગાર થતાં શહેરના બજારોમાં રોનક

### આ રવિવારે દિવાળીની ખરીદીમાં જમાવટ જોવા મળશે

ગાંધીનગર, તા.૨૭

દિવાળી પર્વને હવે ગણતરીના દિવસો જ બાકી છે ત્યારે તમામ વર્ગના વ્યકિતઓ દિવાળીનો તહેવાર ઉત્સાહભેર ઉજવે તે માટે મોંઘવારી અને મંદીને ધ્યાનમાં રાખીને રાજય સરકાર દ્વારા નવેમ્બર મહિનાનો એડવાન્સ પગાર કરી દેવામાં આવ્યો છે. એટલે હવે ગાંધીનગરમાં દિવાળીના બજારોમાં ઘરાકી દેખાશે તેવી વેપારીઓને આશા છે.

દિવાળી પર્વ નવેમ્બર મહિનાની શરૂઆતમાં જ છે ત્યારે દિવાળીની ઉજવણી કરવા માટે નવેમ્બર મહિનાનો પગાર વહેલો ચુકવવામાં આવ્યો છે. તારીખ ૨૬ના રોજ કર્મચારીઓના એકાઉન્ટમાં પગાર જમા થઈ ગયો છે. શહેરમાં કર્મચારી અને પેન્શનરની સંખ્યા વધારે છે ત્યારે એડવાન્સમાં પગાર થઈ જવાને કારણે કર્મચારી-પેન્શનરોના ચહેરા ઉપર અનેરી ખુશી જોવા મળી હતી. મોંઘવારીની માયાજાળ વચ્ચે દિવાળીનો તહેવાર કઈ રીતે ઉજવાશે તેવી ચિંતા દરેકને સતાવી રહી હતી ત્યારે એડવાન્સ પગાર અને બોનસ મળવાથી કર્મચારીઓને દિવાળીની ઉજવણીની ચિંતા ટળી ગઈ છે. એટલું જ નહીં હવે દિવાળીના બજારોમાં ઘરાકી પણ વધશે જેનાથી વેપારીઓની પણ દિવાળી સુધરશે તેમ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

દિવાળી પર્વ અગાઉના શનિ રવિવારે શહેરમાં દિવાળીનો માહોલ જામશે તેવી વેપારીઓને આશા દેખાઈ રહી છે. અત્યાર સુધી ગૃહિણીઓ પણ ઘરની સાફ સફાઈમાં વ્યસ્ત જોવા મળી રહી છે ત્યારે હવે દિવાળી પર્વને ગણતરીના દિવસો જ બાકી છે તેથી આ રવિવારે શહેરીજનો બજારોમાં ખરીદી માટે ઉમટી જશે જેથી વેપારીઓને પણ ઘરાકી થઈ શકશે. શહેરના બજારોમાં દિવાળીની તમામ પ્રકારની ચીજવસ્તુઓ વેચાણ અર્થે આવી ગઈ છે. મીઠાઈઓની દુકાનોમાં અનેક પ્રકારની મીઠાઈઓ, દિવાળીમાં સૌથી વધારે કપડાની ખરીદી થતી હોય છે તેથી કપડાની દુકાનોમાં પણ નવા નવા સ્ટોકસ આવી ગયા છે, દિવાળીમાં જેના વગર પર્વ ફિકકુ લાગે છે તેવા અવનવા દિવડાઓ, રંગબેરંગી રંગોળીના કલરો, લાઈટો, ગૃહ સુશોભનની આઈટમો, ગૃહઉદ્યોગોની વસ્તુઓ વિગેરેથી બજારોમાં રોનક જોવા મળી રહી છે.

દિવાળી અગાઉ કર્મચારીઓને પગાર મળી જવાથી ઉત્સાહપૂર્વક પ્રકાશ પર્વની ઉજવણી કરવામાં આવશે. મોંઘવારીના માર વચ્ચે પણ ગુજરાતીઓ દ્વારા મોજ શોખથી આ વર્ષે દિવાળી પર્વ ઉજવાશે. ફટાકડાં બજારોમાં પણ દિન પ્રતિદિન ભીડ જામતી જોવા મળી રહી છે. આમ દિવાળી અગાઉ કર્મચારીઓના પગાર કરી દેવાતા અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

---

## શ્રી સ્વામિનારાયણ પોલીટેકનિક ખાતે પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૭

શ્રી સ્વામિનારાયણ પોલીટેકનિક ખાતે નવનિયુકત મેયર હિતેષભાઈ મકવાણાની ઉપસ્થિતિમાં પ્રવેશ ઉત્સવનું આયોજન કરાયું હતું. ડિપ્લોમા ઈજનેરીન પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં મેયર હિતેષભાઈ મકવાણા, સંસ્થાના ચેરમેન રામકૃષ્ણ સ્વામી તેમજ સંસ્થાના પ્રિન્સિપાલ ધર્મેશ વંડરા, સ્ટાફ મિત્રો અને પ્રથમવર્ષના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. તમામે પ્રસંગોપાત માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રથમ વર્ષમાં



પ્રવેશ મેળવેલ ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

---

## પેથાપુર ખાતે આયુર્વેદ દિવસ નિમિત્તે નિઃશુલ્ક કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૨૭

છઠ્ઠા રાષ્ટ્રીય આયુર્વેદ દિવસની ઉજવણી અંતર્ગત તારીખ ૨૮ના રોજ નિઃશુલ્ક આયુષ નિદાન સારવાર કેમ્પ યોજાશે. જે મહાલક્ષ્મી મંદિર, પેથાપુર બજાર ખાતે સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ કલાકે યોજાનાર છે. આ કેમ્પ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના માર્ગદર્શનથી યોજાનાર છે તથા આયુષની કચેરી ગાંધીનગરના માર્ગદર્શનથી વૈદ્ય પંચકર્મ સરકારી આયુર્વેદ હોસ્પિટલ, સે-૨૨ના સૌજન્યથી કેમ્પનું આયોજન કરેલ છે. જેમાં રોગોની સારવાર તથા માર્ગદર્શન તદન ફ્રી આપવામાં આવશે.

---

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- **સ્વ. ભટ્ટ અનેરી મૃગેશ,** ઉ.વ. ૫, સેકટર-૩
- **સ્વ. ઠાકોર અમરતજી પુંજાજી,** ઉ.વ. ૫૨, મગોડી
- **સ્વ. ડાભી લીલાબા બાબુસિંગ,** ઉ.વ. ૭૨, ધણપ
- **સ્વ. વાઘરી બચુભાઈ ભલાભાઈ,** ઉ.વ. ૬૦, સે-૫, છાપરાં
- **સ્વ. પટેલ શાંતાબેન ચીમનલાલ,** ઉ.વ. ૮૬, સેકટર-૨૭

**● રૂદ્રભૂમિ ●**

- **સ્વ. ચૌહાણ સુરસિંગ મોતીસિંગ,** ઉ.વ. ૭૮, કુડાસણ

---

# દિવાળીમાં ઘરને સજાવો આકર્ષક હેન્ડમેડ ડેકોરેટીવ કેન્ડલ્સથી

## ગાંધીનગરની યુવતી નમ્રતા ભાનુપ્રિયએ થ્રીડી પ્રિન્ટ ટેકનોલોજીની મદદથી આકર્ષક હેન્ડમેડ કેન્ડલ્સ બનાવી : કેન્ડલ ડોટ્સ નામની આ કેન્ડલ્સને સોશિયલ મિડીયા પર પ્રોત્સાહક પ્રતિસાદ

ગાંધીનગર, તા.૨૭

ભારતીય સંસ્કૃતિનો સૌથી મોટો તહેવાર એટલે દિવાળી, દિવાળીનું પર્વ સૌ કોઈને અંધકારથી ઉજાસ તરફ લઈ જાય છે. આધાર હવે દિવાળીના પર્વોમાં દીપનું મહત્વ કેન્દ્રસ્થાને છે. આજના સોશિયલ મીડિયાના યુગમાં દિવાળીનો તહેવાર ડેકોરેટીવ દીવાં થકી ઘરને સજાવીને ઉજવવામાં આવે છે જેના માટે મીણબત્તીની માંગ ખૂબ રહે છે. ન્યુ ગાંધીનગરના રાંદેસણ ખાતે ઉર્જાનગર-૨માં રહેતી નમ્રતા ભાનુપ્રિય નામની યુવતીએ થ્રીડી પ્રિન્ટ ટેકનોલોજીની મદદથી આકર્ષક હેન્ડમેડ કેન્ડલ્સ બનાવીને તેનું રાહત દરે વિતરણ શરૂ કર્યું છે જેને સોશિયલ મિડીયા પર ખૂબ જ પ્રોત્સાહક પ્રતિસાદ પ્રાપ્ત થઈ રહ્યો છે.



દિવાળીના તહેવારમાં નાગરિકો પોતાના ઘર, ઓફિસ, દુકાન કે કામના સ્થળોને દીપમાળાથી સજાવે છે જેમાં મીણબત્તીઓનો મોટા પ્રમાણમાં ઉપયોગ કરતા હોય છે. હવે આ સુશોભનમાં સાદી-સફેદ મીણબત્તીના સ્થાને ડેકોરેટીવ કેન્ડલ્સનો ઉપયોગ કરવાનું ચલણ વધવા પામ્યું છે. અભિનેત્રી ડિમ્પલ કાપડીયા જેવી સેલિબ્રીટી પણ ડેકોરેટીવ કેન્ડલ્સના ઉત્પાદનમાં જોડાયેલાં જોવા મળે છે. આ સ્થિતિમાં ગાંધીનગરની નમ્રતા ભાનુપ્રિય નામની યુવતીએ થ્રીડી પ્રિન્ટ ટેકનોલોજીની મદદથી આકર્ષક હેન્ડ મેડ કેન્ડલ્સ બનાવીને પોતાના સોશિયલ મિડીયામાં મુકતા તેને જોરદાર પ્રતિસાદ સાંપડ્યો હતો અને તેના મિત્રો-સ્નેહીજનો આ થ્રીડી ડેકોરેટીવ કેન્ડલ્સની માંગ કરવા લાગ્યાં હતા જેને અનુલક્ષીને નમ્રતાએ પોતાના ભાઈ અલ્કેશ ભાનુપ્રિયની મદદથી તેને વધુ જથ્થામાં બનાવી આકર્ષક પેકિંગ સાથે રાહતદરે વેચવાનું શરૂ કરી દીધું છે. નમ્રતાની આ ડેકોરેટીવ કેન્ડલ્સને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. તેઓ આ કેન્ડલ્સને અલગ અલગ કલરમાં ત્રણેક શેપમાં બનાવે છે જેને ૬ નંગના પેકેટ્સને માત્ર રૂ.૧૨૦ અને ૮ નંગના પેકેટ્સને માત્ર રૂ.૧૮૦ જેવા ભાવે હોમ ડિલિવરી સાથે નહીં નફો, નહીં નુકશાનના ધોરણે ગ્રાહકોને કેન્ડલ ડોટ્સના નામથી થ્રીડી ગિફટના સોશિયલ વેબ માધ્યમથી વેચે છે.

### બળવા છતાં કેન્ડલ્સનો શેપ બગડતો નથી

નમ્રતા ભાનુપ્રિયએ ગાંધીનગર સમાચાર સાથે તેમની ડેકોરેટીવ કેન્ડલ્સ બાબતે વાત કરતાં જણાવ્યું હતું કે 'હેન્ડમેડ કેન્ડલ્સમાં સૌથી મોટી સમસ્યા એ આવે છે કે તે બળવાનું શરૂ કરે તેની થોડી ક્ષણોમાં તેનો શેપ નષ્ટ પામતો હોય છે, પરંતુ તેમણે આ બાબતે થોડું સંશોધન કરીને સામાન્ય મીણમાં જુદા જુદા બે-ત્રણ અલગ પ્રકારના મીણનું મિશ્રણ તૈયાર કર્યુ છે, તેમજ તેમના ભાઈ અલ્કેશ ભાનુપ્રિયની મદદથી થ્રીડી પ્રિન્ટિંગ ટેકનોલોજીનો ઉપયોગ કરીને તેમની કેન્ડલ્સના એવા શેપ બનાવ્યાં છે જે દેખાવમાં પણ આકર્ષક છે અને તેનું મીણ ઓગળવા છતાં અંદર જ રહે છે, બહારની તરફ રેલાતું નથી જેથી કેન્ડલ્સનો શેપ બગડતો નથી. વળી, તેનાથી મજબૂત બનવાને કારણે આ કેન્ડલ્સ લાંબા સમય સુધી બળે છે.'

